# સમાજશાસ્ત્રી

સમાજશાસ્ત્રી સમાજ, માનવ વર્તણૂંકનો અભ્યાસ કરે છે. લોકો સાથે મળીને કામ કરે છે ત્યારે આ બાબતો વિકસિત થાય છે. સમાજશાસ્ત્રીઓ સામાજિક સંસ્થાઓ, સંસ્કૃતિઓ અને સમૂહોની ઝીણવટભરી તપાસ કરે છે. સમાજશાસ્ત્રી વૈવિધ્યપૂર્ણ વિષયોનો અભ્યાસ કરે છે. જેમાં અપરાધ, ધર્મ, કુટુંબ થી લઈને રાજ્યની સામાજિક રચનાઓના અભ્યાસનો સમાવેશ થાય છે. તેઓ સાંસ્કૃતિક માન્યતાઓ તથા જાતિ અને સામાજિક વર્ગના વિભાજનનો પણ અભ્યાસ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને સમસ્યાઓનું વિશ્લેષણ કરવાનું ગમે છે
- તમે વિગતો પર ધ્યાન આપવાનું પસંદ કરો છો
- તમે એક કુશળ સંવાદકર્તા છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧૫,૦૦૦ થી ૧,૫૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. હ્યુમેનિટીઝ સાથે સાથે ધો. ૧૨ પૂર્ણ કરો. (સમાજશાસ્ત્ર સાથે ઇચ્છનિય છે.)

૨. આર્ટ્સમાં સમાજશાસ્ત્ર વિષય સાથે સ્નાતક (BA)ની ડિગ્રી મેળવો, ત્યારબાદ સમાજશાસ્ત્રમાં અનુસ્નાતક (MA)ની ડિગ્રી પ્રાપ્ત કરો. **અથવા**

આર્ટ્સમાં સમાજશાસ્ત્ર વિષય સાથે સ્નાતક (BA)ની ડિગ્રી મેળવો, ત્યારબાદ સમાજશાસ્ત્રમાં અનુસ્નાતક (MA)ની ડિગ્રી પ્રાપ્ત કરો. પછી તે જ અથવા સંબંધિત વિષયમાં Ph.D પૂર્ણ કરો. **અથવા**

હ્યુમેનિટીઝ વિષય સાથે સ્નાતકની ડિગ્રી મેળવો અને પછી સમાજશાસ્ત્રમાં Ph.D કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

સમાજશાસ્ત્રીનું અંદાજીત માસિક વેતન
રૂ. ૧૦,૦૦૦ થી ૧,૨૫,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://www.salaryexpert.com/salary/job/sociologist/india/

NCS Code: 2632.0100, CCode: SS024

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સંશોધન સંસ્થાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, પ્રાદેશિક અને કેન્દ્ર સરકાર, સલાહકાર સંસ્થાઓ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે તમે ઓફિસમાં કામ કરશો. સંશોધન માટે ઇન્ટરવ્યુ લેવા અથવા અવલોકનો કરવા અથવા સંશોધન પરિણામો રજૂ કરવા તમે ઓફિસ બહાર જઈને કામ કરશો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી → જુનિયર વિશ્લેષક → સમાજશાસ્ત્રી → વરિષ્ઠ સમાજશાસ્ત્રી → વિભાગના વડા

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

સોશિયલ સાયન્ટિસ્ટ, સોશિયોલોજિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહીં આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એમ.એસ.યુ., વડોદરા
૨. શ્રી રામ કોલેજ ઓફ કોમર્સ, નવી દિલ્હી
૩. હિન્દુ કોલેજ, નવી દિલ્હી
૪. એસ.પી.યુ, વલ્લભ વિદ્યાનગર
૫. જામિયા મિલિયા ઈસ્લામિયા, નવી દિલ્હી
૬. દિલ્હી સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ, નવી દિલ્હી
૭. સેન્ટર ફોર સ્ટડીઝ ઈન સોશિયલ સાયન્સ, કલકત્તા
૮. ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. ફર્ગ્યુસન કોલેજ, પુણે
૨. ગુજરાત વિદ્યાપીઠ - જીવીપી, અમદાવાદ
૩. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, કોલકાતા
૪. સેન્ટ એન્ડ્રૂઝ કોલેજ ઓફ આર્ટસ સાયન્સ એન્ડ કોમર્સ, મુંબઈ
૫. પી.એસ.જી. કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, કોઈમ્બતુર
૬. રાની બિરલા ગર્લ્સ કોલેજ, કોલકાતા
૭. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૮. જ્યોતિ નિવાસ કોલેજ, બેંગલુરૂ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**નિધિન ડોનાલ્ડ** એક કલાકાર અને જે.એન.યુ. દિલ્હીમાં ડોક્ટરલ સ્કોલર છે. તેમણે પુણે યુનિવર્સિટી તેમજ નેશનલ કેમ્પેઈન ઓન દલિત હ્યુમન રાઈટ્સ (એન.સી.ડી.એચ.આર.) સાથે કામ કર્યુ છે. તેમની કલાકૃતિઓને રાઉન્ડ ટેબલ ઈન્ડિયામાં નિયમિતપણે પ્રદર્શિત કરવામાં આવે છે. તેણીએ સમાજશાસ્ત્રમાં સ્નાતક અને અનુસ્નાતક કાર્યક્રમ પૂર્ણ કરેલ છે અને પછી એમ.ફિલ. પૂર્ણ કરી સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સ, જે.એન.યુ., દિલ્હીમાંથી પી.એચ.ડી.ની પદવી હાંસલ કરેલ છે. *

સ્ત્રોત:https://www.hss.iitb.ac.in/en/post-doctrol-fellow/nidhin-donald

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.